દિવાની પરચુરણ અરજી નં.૨/૨૦૨૧

આંક –૧ લગત હુકમ

૧. અરજદારના વકીલશ્રી હાજર છે સામાવાળાના વકીલશ્રી ડી.સી.પરમાર હાજર નથી. રેકર્ડ વંચાણે લીધુ. અરજદારના વકીલશ્રી હાજર છે અરજદારના વકીલશ્રી નામદાર કોર્ટ ધ્વારા દલીલો માટે વીનંતી કરતા તેઓએ મૌખીક સમયની માંગણી કરેલ છે હાલની અરજી તા.૦૨/૧૨/૨૦૨૦ ના રોજ દાખલ થયેલ છે તેથી અરજદારના વકીલ ની મૌખીક વીનંતી નામંજુર કરવામા આવે છે તથા અરજદારના વકીલશ્રીનો દલીલનો હકક બંધ કરવામા આવે છે સામાવાળા કોઈ હાજર  ન હોય તેઓની દલીલનો હકક બંધ કરવામા આવે છે.

૨. રેકર્ડ વંચાણે લેતા હાલની અરજી અરજદારે સ્પે.દી.મુ.નં.૧૪૯/૧૯૮૫ જે તા.૨૫/૦૯/૧૯૯૬ ના રોજ એક્ષપાર્ટી જજમેન્ટ ઓર્ડર ડીક્રી રદ કરવા માટે અરજી દાખલ કરેલ છે જે અરજીમા થયેલ વિલંબ માફ કરવા માટે હાલની અરજી દાખલ કરેલ છે અરજદારે હાલની અરજી અરજદારે સી.પી.સી.ઓર્ડર ૯ રુલ ૧૩ હેઠળની જે અરજી કરેલ છે તે અરજી દાખલ કરવામા થયેલ વિલંબ માફ કરવા માટે કરેલ છે અરજદારની તેમની અરજીમા સ્વીકરે છે કે સ્પે.દી.મુ.નં.૧૪૯/૧૯૮૫ ની ડીક્રીને રદ કરવા માટે હાલની અરજી વિલંબ માફીની અરજી સાથે દાખલ કરેલ છે સ્પેશીયલ દીવાની મુકદમાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા અત્રેની અદાલતને ન હોય તે દાવાના જજમેન્ટ સેટઅસાઈડ કરવાની અરજીની સુનાવણી કરવાની સત્તા પણ અત્રેની અદાલત ને નથી તેથી તે અરજીમા થયેલ વિલંબ માફ કરવાની સત્તા પણ અત્રેની અદાલત ન હોય જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

હુકમ

અરજદારની હાલની આંક–૧ ની વિલંબ માફીની અરજી નામંજુર કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ– હાંસોટ (એસ.એસ.અજમેરી)
તા. ૧૭/૦૬/૨૦૨૬ પ્રિન્સપાલ સીવીલ જજ, હાંસોટ